# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

ગુરુવાર ૧૯ માર્ચ, ૨૦૨૬



એજ્યુકેશન હબમાં જ શિક્ષણનો પાયો લથડ્યો : સરકારના 'ભણશે ગુજરાત'ના દાવાઓ પોકળ સાબિત થયા

# આણંદ-ખેડાની શાળામાં 700થી વધુ ક્લાસરૂમની 'ઘોર' અછત

**પ્રાથમિક શાળાઓમાં** જ 661 ઓરડાનો અભાવ,

**જર્જરિત ઇમારતો વચ્ચે** જીવના જોખમે ભણતા વિદ્યાર્થીઓ



(પ્રતિનિધિ) આણંદ તા.18

આણંદ અને ખેડા જિલ્લો સમગ્ર રાજ્યમાં 'એજ્યુકેશન હબ' તરીકે વિખ્યાત છે, પરંતુ વર્તમાન પરિસ્થિતિ જોતા અહીં શિક્ષણના મકાનનું નળિયું જ હચમચી ગયું હોય તેમ જણાય છે. ચરોતરની શાળાઓમાં માળખાગત સુવિધાઓનો એટલો મોટો અભાવ છે કે ખુદ શિક્ષણ વિભાગના ચોપડે જ 700થી વધુ ઓરડાની ઘટ નોંધાઈ છે. એક તરફ 'ભણશે ગુજરાત'ના મસમોટા સૂત્રો પોકારે છે, ત્યારે બીજી તરફ પાયાની સુવિધા એવા ઓરડાના વાંકે ભૂલકાંઓનું ભવિષ્ય ધૂંધળું બની રહ્યું છે.

રાજ્ય સરકાર દર વર્ષે પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમો પાછળ કરોડો રૂપિયાનો ધુમાડો કરે છે, પરંતુ જ્યારે બાળકોને સુરક્ષિત બેસીને ભણવા માટેના ઓરડાની વાત આવે છે ત્યારે તંત્રની કામગીરી ગોકળગતિએ ચાલતી હોવાનું દેખાય છે. આણંદ-ખેડા જિલ્લામાં કુલ 716 ઓરડાની ઘટ છે, જેમાં સૌથી ગંભીર સ્થિતિ પ્રાથમિક શાળાઓની છે. જે શાળાઓમાં ઓરડા છે ત્યાં પણ ઘણી જગ્યાએ ઈમારતો જર્જરિત હાલતમાં છે, જેને પરિણામે બાળકોને કાં તો ખુલ્લામાં બેસવું પડે છે અથવા તો જોખમી રીતે વૈકલ્પિક વ્યવસ્થામાં ભણવાની ફરજ પડે છે. આમ, શાળાઓની ખખડધજ હાલત અને ઓરડાઓની તીવ્ર અછતને જોઈને હવે વાલીઓમાં પણ ભારે રોષ અને ચિંતા જોવા મળી રહી છે. પોતાના વ્હાલસોયા સંતાનોને આવી સુવિધા વિહોણી કે જર્જરિત શાળાઓમાં અભ્યાસ માટે મોકલવા કે નહીં, તે એક મોટો પ્રશ્ન વાલીઓને સતાવી રહ્યો છે. શિક્ષણ વિભાગ આ પેચીદા બનેલા પ્રશ્નનો ઉકેલ ક્યારે લાવશે ? તે જોવું રહ્યું.

### કયા તાલુકામાં કેટલા ઓરડાની ઘટ ?

| તાલુકો | પ્રાથ. શાળા | માધ્ય. શાળા |
|---|---|---|
| **ખેડા જિલ્લો** | | |
| ગળતેશ્વર | 22 | 00 |
| કપડવંજ | 130 | 00 |
| કઠલાલ | 99 | 06 |
| ખેડા | 12 | 00 |
| મહેમદાવાદ | 102 | 12 |
| મહુધા | 13 | 00 |
| માતર | 08 | 06 |
| નડિયાદ | 83 | 06 |
| ઠાસરા | 54 | 00 |
| વસો | 01 | 00 |
| **કુલ** | **524** | **30** |
| **મહિસાગર જિલ્લો** | | |
| બાલાસિનોર | 41 | 00 |
| કડાણા | 41 | 03 |
| ખાનપુર | 29 | 00 |
| લુણાવાડા | 99 | 00 |
| સંતરામપુર | 105 | 00 |
| વીરપુર | 17 | 00 |
| **કુલ** | **332** | **03** |

| તાલુકો | પ્રાથ. શાળા | માધ્ય. શાળા |
|---|---|---|
| **આણંદ જિલ્લો** | | |
| આણંદ | 30 | 0 |
| આંકલાવ | 06 | 12 |
| બોરસદ | 32 | 0 |
| ખંભાત | 21 | 04 |
| પેટલાદ | 28 | 0 |
| સોજિત્રા | 03 | 0 |
| તારાપુર | 03 | 03 |
| ઉમરેઠ | 14 | 06 |
| **કુલ** | **137** | **25** |

**તંત્ર સામે સળગતા સવાલો**

- પ્રવેશોત્સવ પાછળ ખર્ચાય છે કરોડો, પણ ઓરડા બાંધવા માટે બજેટ ક્યાં જાય છે?
- જર્જરિત ઓરડા કે ખુલ્લામાં બેસતા બાળકોની સલામતીની જવાબદારી કોની?
- જો પાયો નબળો હોય, તો 'વિકસિત ગુજરાત'નું સપનું કેવી રીતે સાકાર થશે?

ડાકોરમાં ભક્તો જાતે જ શિખર પર ધજા લહેરાવી શકશે

# ડાકોર રણછોડરાય મંદિરે પણ હવે ગરગડીથી ધજા ચઢાવાશે

**મનોરથ પૂરો કરવા** આવતા શ્રદ્ધાળુઓ માટે પ્રક્રિયા સરળ અને ઝડપી બનશે



(પ્રતિનિધિ) નડિયાદ તા.18

ખેડા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં બિરાજતા રાજાધિરાજ રણછોડરાયના દર્શને આવતા લાખો ભક્તો માટે મંદિર ટ્રસ્ટ દ્વારા સુવિધાલક્ષી મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. અત્યાર સુધી મંદિરમાં શિખર પર ધજા ચઢાવવા માટે મંદિરના શ્રમિક કે કર્મચારીની મદદ લેવી પડતી હતી, પરંતુ હવે અંબાજી મંદિરની જેમ જ ડાકોરમાં પણ ભક્તો પોતાના હાથે જ ગરગડી અને દોરડાના માધ્યમથી ભગવાનના સુવર્ણ શિખર પર ધજા ચઢાવી શકશે.

ડાકોરમાં નવી ટેકનિકલ વ્યવસ્થા માટે હાલમાં મંદિરના શિખર પાસે એન્જિનિયરો અને કારીગરો દ્વારા જરૂરી માળખું તૈયાર કરવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. નવી સિસ્ટમ અમલમાં આવતા ભક્તો પરિસરમાં નીચે ઉભા રહીને જ દોરડા દ્વારા ધજાને સીધી શિખર સુધી પહોંચાડી શકશે, જેનાથી તેમની શ્રદ્ધા અને ઉત્સાહમાં વધારો થશે. ખાસ કરીને પૂનમ જેવા મોટા તહેવારો દરમિયાન જ્યારે હજારોની સંખ્યામાં ધજાઓ આવતી હોય છે, ત્યારે આ નવી પદ્ધતિથી સમયનો બચાવ થશે અને ભક્તોને લાંબો સમય રાહ જોવી પડશે નહીં.

ડાકોર મંદિર પ્રશાસન દ્વારા લેવામાં આવેલા આ નિર્ણયમાં ભક્તોની સુવિધાની સાથે કર્મચારીઓની સલામતીને પણ ધ્યાનમાં રાખવામાં આવી છે. આ પદ્ધતિથી કર્મચારીઓને વારંવાર ઊંચાઈ પર જવાની જોખમી પ્રક્રિયામાંથી મુક્તિ મળશે. હાલમાં એન્જિનિયરો દ્વારા સ્ટ્રક્ચરની મજબૂતી તપાસીને દોરડા લગાવવાનું કામ ચાલી રહ્યું છે. ટ્રસ્ટ દ્વારા તમામ જરૂરી પરીક્ષણો પૂર્ણ થયા બાદ આગામી ટૂંકા સમયમાં જ આ સુવિધા સત્તાવાર રીતે શ્રદ્ધાળુઓ માટે ખુલ્લી મૂકવામાં આવશે, જેને લઈને ડાકોરના ભક્તોમાં ભારે આનંદની લાગણી જોવા મળી રહી છે.

# ખંભાત પાસે વાહનની ટક્કરે આધેડનું કમકમાટીભર્યુ મોત

(પ્રતિનિધિ) આણંદ તા.18

ખંભાતના જલુંધ-બામણવા રોડ પર અજાણ્યા વાહન ચાલકે બાઈકને જોરદાર ટક્કર મારતા એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

ખંભાતના જલુંધ ગામના અમરસંગ મણીભાઈ સોલંકી અને કિરણભાઈ લાલજીભાઈ રબારી ગત સાંજે સાતેક વાગ્યે બોરસદ ખાતે એક ધાર્મિક પ્રસંગમાં હાજરી આપવા માટે બાઈક લઈને નીકળ્યા હતા. રાત્રિના આશરે દોઢ વાગ્યાના સુમારે તેઓ પ્રસંગ પતાવીને પરત ફરી રહ્યા હતા, ત્યારે જલુંધથી બામણવા તરફના રોડ પર કોઈ અજાણ્યા વાહને તેમના બાઈકને જોરદાર અડફેટે લીધું હતું. આ ગંભીર અકસ્માતમાં અમરસંગભાઈને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. તેમની સાથે રહેલા કિરણભાઈ રબારીને પણ શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

આ ઘટના અંગે મૃતક અમરસંગભાઈના પુત્ર અરવિંદભાઈ સોલંકીએ ખંભાત રૂરલ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે અકસ્માત સર્જીને નાસી છૂટેલા વાહન ચાલકને ઝડપી પાડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# નડિયાદમાં પુત્રે પિતા પર જીવલેણ હુમલો કરી ઘરમાં આગ ચાંપી દીધી

**નવા બિલોદરામાં** કળિયુગી નશાખોર પુત્રએ ઘરવખરી ફૂંકી મારી

(પ્રતિનિધિ) નડિયાદ તા.18

નડિયાદ મનપાના નવા બિલોદરા વિસ્તારમાં નશાની લતે ચઢેલા એક પુત્રએ નિવૃત્ત પિતા અને માતા સાથે ઝઘડો કરી શારીરિક હુમલો કર્યાની ઘટના સામે આવી છે. ઉશ્કેરાયેલા પુત્રએ આવેશમાં આવી મોટા ભાઈના રૂમમાં આગ ચાંપતા ટીવી, કબાટ અને કપડાં સહિતનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. નડિયાદ રૂરલ પોલીસે પિતાની ફરિયાદના આધારે ગુનો નોંધી આરોપી પુત્રની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નડિયાદના નવા બિલોદરાના કર્મવીરનગર-5 માં રહેતા અને અમદાવાદ પોલીસ કમિશનર કચેરીમાંથી જુનિયર ક્લાર્ક તરીકે નિવૃત્ત થયેલા પ્રદીપકુમાર ભટ્ટ તેમના પરિવાર સાથે રહે છે. તેમનો નાનો પુત્ર ધાર્મિક બેરોજગાર છે અને નશાની કુટેવ ધરાવે છે. ગત 17 માર્ચના રોજ રાત્રે ધાર્મિક નશો કરીને ઘરે આવ્યો હતો અને ગાળાગાળી કરવા લાગ્યો હતો. પિતાએ તેને ટોકતા ઉશ્કેરાયેલા ધાર્મિકે પિતાનું ગળું પકડી ગડદાપાટુનો માર માર્યો હતો અને વચ્ચે પડેલા માતા ભાવનાબેન પર પણ હુમલો કર્યો હતો.

ધાર્મિકે પોતાના માતા-પિતા પર હુમલો કર્યા બાદ તેના મોટા ભાઈ સુનીલના રૂમમાં જઈ અંદરથી દરવાજો બંધ કરી દીધો હતો. પરિવારે દરવાજો ખોલવા વિનંતી કરી હોવા છતાં તેણે અંદર તોડફોડ કરી માચીસ વડે રૂમમાં પડેલા પૂંઠાના બોક્સમાં આગ ચાંપી દીધી હતી. રૂમમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા જોઈ પરિવારે બૂમાબૂમ કરી હતી, પરંતુ ધાર્મિકે જાનથી મારી નાખવાની ધમકી આપી અંદરનો સામાન સળગાવવાનું ચાલુ રાખ્યું હતું.

આથી, પરિવારે તત્કાલ 112 હેલ્પલાઈન પર જાણ કરતા નડિયાદ રૂરલ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને ધાર્મિકને રૂમમાંથી બહાર કાઢી તેની અટકાયત કરી હતી.

# ઉમરેઠ નજીક કારની અડફેટે બાઈક સવાર પ્રોઢનું મોત

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.18

ઉમરેઠ પાસે આવેલી સાઈનાથ ચોકડીના બ્રિજ પર ગત મંગળવારની રાત્રિના સમયે પુરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલી ઈક્કો કારે સામેથી આવતી મોટરસાયકલને જોરદાર ટક્કર મારતા 49 વર્ષીય વ્યક્તિનું કરુણ મોત નીપજ્યું છે.

ઠાસરા તાલુકાના મસરા ગામે રહેતા અને દરજીકામ કરતા કનુભાઈ ફકીરભાઈ સોલંકી (ઉં.વ. 49) ગત મંગળવારની રાત્રિના આશરે પોણા દસેક વાગ્યાના સુમારે પોતાના કૌટુંબિક ભાઈની મોટરસાયકલ (નંબર GJ-07-EQ-9131) લઈને મસરાથી ભરોડા ગામે પોતાની બહેનના ઘરે જવા નીકળ્યા હતા. તેઓ જ્યારે ઉમરેઠ સાઈનાથ ચોકડી પાસે આવેલા બ્રિજ પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે ઓડ તરફથી અત્યંત પુરઝડપે આવી રહેલી ઈક્કો કાર (નંબર GJ-07-BR-7093) ના ચાલકે તેમની મોટરસાયકલને સામેથી જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માત એટલો ભયાનક હતો કે કનુભાઈને ગંભીર ઈજા પહોંચતા તેમનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. આ મામલે મૃતકના કૌટુંબિક ભાઈ માનાભાઈ સોલંકીએ ઉમરેઠ પોલીસ મથકે કારના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કાર્યવાહી કરવાની માગણી કરી છે.

ચૂંટણી બહિષ્કારની ચીમકી | મતદારોના પ્રતિનિધિત્વ પર તરાપ

# ખેડા જિલ્લા પંચાયતની વાંઘરોલી બેઠક અચાનક રદ કરાતા રોષ

**સત્તાધારી પક્ષના** દબાણ હેઠળ નિર્ણય લેવાયો હોવાનો સ્થાનિકોનો ગંભીર આક્ષેપ



(પ્રતિનિધિ) નડિયાદ તા.18

ખેડા જિલ્લા પંચાયતની વાંઘરોલી બેઠકને નવા જાહેરનામામાં અચાનક રદ કરી દેવામાં આવતા ગળતેશ્વર તાલુકાના સ્થાનિક મતદારો અને રાજકીય આગેવાનોમાં ભારે નારાજગી વ્યાપી ગઈ છે. આ મામલે વાંઘરોલી અને કુણી બેઠકના મતદારોએ એકઠા થઈ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે રાજકીય વગ ધરાવતા લોકો અને સત્તાધારી પક્ષના ઈશારે જાણીજોઈને આ બેઠક નાબૂદ કરવામાં આવી છે, જેનાથી મોટા વિસ્તારના વિકાસકાર્યો પર માઠી અસર પડશે.

સમગ્ર વિવાદની વિગતો મુજબ, અગાઉ બહાર પાડવામાં આવેલા 2 જાહેરનામામાં વાંઘરોલી બેઠક યથાવત રાખવામાં આવી હતી. જોકે, ત્રીજું જાહેરનામું પ્રસિદ્ધ થતાની સાથે જ તેમાંથી વાંઘરોલી બેઠક ગાયબ કરી દેવામાં આવતા અનેક તર્કવિતર્ક વહેતા થયા છે. વહીવટી તંત્ર દ્વારા લેવાયેલા આ આકસ્મિક નિર્ણય સામે સવાલો ઉભા થયા છે કે જે બેઠક બે વાર મંજૂર રહી હતી, તેને છેલ્લી ઘડીએ કયા કારણોસર રદ કરવામાં આવી છે. સ્થાનિક આગેવાનોએ આવેદનપત્રમાં રજૂઆત કરી છે કે વાંઘરોલી બેઠક હેઠળ આશરે 30,722 જેટલી મોટી સંખ્યામાં મતદારો નોંધાયેલા છે. વધુ વસ્તી ધરાવતી અને ભૌગોલિક રીતે મહત્વની ગણાતી આ બેઠકને અન્યાયી રીતે રદ કરવામાં આવતા લોકોમાં અન્યાયની લાગણી જન્મી છે. સ્થાનિકોનું કહેવું છે કે આટલી મોટી જનસંખ્યાનું પ્રતિનિધિત્વ છીનવી લેવું એ લોકશાહીના મૂલ્યોની વિરુદ્ધ છે. વાંઘરોલી બેઠક રદ થવાથી સૌથી મોટો ફટકો ગળતેશ્વર તાલુકાના સરહદી ગામોના વિકાસને પડશે તેવી ભીતિ ગ્રામજનો સેવી રહ્યા છે. જિલ્લા પંચાયતની આ બેઠક દ્વારા જે સરકારી યોજનાઓના લાભો અને ગ્રાન્ટ મળતી હતી, તે હવે અટકી જશે અથવા તેમાં વિલંબ થશે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, પ્રતિનિધિના અભાવે સામાન્ય નાગરિકોને પોતાની રજૂઆત કરવા માટે પણ હાલાકી ભોગવવી પડશે.

આ મામલે પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય દીપસિંહ રાઠોડે જણાવ્યું હતું કે આ નિર્ણય પાછળ રાજકીય ષડયંત્ર કામ કરી રહ્યું છે. તંત્ર દ્વારા માત્ર વગદાર લોકોના સંતોષ ખાતર હજારો મતદારોના અધિકારોનું હનન કરવામાં આવ્યું છે. જો તંત્ર દ્વારા આ બાબતે યોગ્ય તપાસ કરી વાંઘરોલી અને કુણી બેઠકને પૂર્વવત કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આંદોલન વધુ તેજ બનાવવામાં આવશે.

આ આવેદનપત્રમાં સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો વાંઘરોલી અને કુણી બેઠક ફરીથી સ્થાપિત કરવામાં નહીં આવે, તો સમગ્ર વિસ્તારના મતદારો આગામી ચૂંટણીનો સંપૂર્ણ બહિષ્કાર કરશે. લોકોમાં વ્યાપેલી આ નારાજગીને જોતા વહીવટી તંત્ર મધ્યસ્થી કરી કોઈ ઉકેલ લાવે છે કે કેમ તેના પર સૌની નજર ટકેલી છે. અત્યારે તો આ મુદ્દો સમગ્ર જિલ્લામાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.

# નડિયાદમાં ₹ 1.34 લાખના બ્રાન્ડેડ દારૂ સાથે 2 ઝડપાયા

(પ્રતિનિધિ) નડિયાદ તા.18

નડિયાદ શહેરના એસ.ટી. ડેપો પાસે આવેલી હોટલ બ્લ્યુરૂમમાં એસ.ઓ.જી. પોલીસે સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરીને વિદેશી દારૂના મોટા જથ્થા સાથે પોરબંદરના બે શખ્સોને ઝડપી પાડ્યા છે અને તેમના વિરૂદ્ધ ગુનો નોંધ્યો હતો.

ખેડા એસઓજી શાખાને બાતમી મળી હતી કે કેટલીક હોટલોમાં શંકાસ્પદ પ્રવૃત્તિઓ ચાલી રહી છે. આ બાતમીના આધારે હોટલ બ્લ્યુરૂમમાં તપાસ કરતા ત્યાં રોકાયેલા બે શખ્સોની વર્તણૂક શંકાસ્પદ જણાઈ હતી. આથી, રૂમની તલાશી લેતા પોરબંદરના પ્રકાશ માવજીભાઈ પાંજરી (રહે. પંચાયત ચોક, છાયા) અને વિશાલ દિનેશભાઈ સેરાજી (રહે. ખારવાવાડ) પાસેથી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

આ શખસો પાસેથી વિવિધ પ્રકારની મોંઘી બ્રાન્ડની 36 બોટલો મળી આવી હતી. પોલીસે દારૂ અને અન્ય સામગ્રી મળીને કુલ 1,50,630નો મુદ્દામાલ હસ્તગત કર્યો છે. આ શખ્સો પોરબંદરથી આટલી મોટી માત્રામાં મોંઘી બ્રાન્ડનો દારૂ નડિયાદમાં કોને પહોંચાડવા આવ્યા હતા ? તે દિશામાં એસ.ઓ.જી. પોલીસે તપાસ તેજ કરી છે. નડિયાદ ટાઉન પોલીસ મથકે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# લુણાવાડામાં આગથી ડ્રીપ પાઈપ ખાક થયા

(પ્રતિનિધિ) લુણાવાડા તા.18

લુણાવાડાના સાધકપુરના રહેવાસી ખેડૂત અંકુરકુમાર રમેશભાઈ પટેલે નોંધાવેલી ફરિયાદ અનુસાર, ગત 15મી માર્ચના રોજ તેમના ટેબાવાળા ખેતરના શેઢા પાસે રાખેલ ડ્રીપ પાઈપોના ઢગલામાં અચાનક આગ લાગી હતી. આ ઘટનાની તપાસ દરમિયાન માલૂમ પડ્યું હતું કે, પાડોશી ખેડૂત આકાશભાઈ વિનુભાઈ પટેલ અને તેમના ભાગીદાર અરવિંદભાઈ બાદરભાઈ પરમારે પોતાના ખેતરના શેઢા પર ઉગેલી ડમરી અને કાંટા સળગાવવા આગ લગાવી હતી. જે બેદરકારીના કારણે પાઈપો સુધી પ્રસરી ગઈ હતી. આ અંગે લુણાવાડા પોલીસે બન્ને સામે ગુનો નોંધ્યો હતો.

નડિયાદ કોર્ટનો ગૌવંશની ક્રૂરતાપૂર્વક હેરફેર મામલે ઐતિહાસિક ફેંસલો

# ગૌવંશ સાથે ક્રૂરતા આચરનારા શખસને સાત વર્ષની સખત કેદ

**આરોપીને 1 લાખનો** દંડ અને ગુનામાં વપરાયેલું વાહન સરકાર હસ્તક જપ્ત કરવાનો હુકમ કર્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.18

નડિયાદની ત્રીજી એડિશનલ સેશન્સ કોર્ટે ગૌવંશની કતલ કરવાના ઈરાદે ક્રૂરતાપૂર્વક હેરફેર કરવાના કેસમાં મહત્વનો ચુકાદો આપતા આરોપીને સાત વર્ષની સખત કેદની સજા ફટકારી છે.

ખેડા જિલ્લાની અકલાચા ચોકડી પાસેથી પકડાયેલા લક્ષ્મણ પુનમભાઈ દેવીપૂજકને કોર્ટે પશુ સંરક્ષણ ધારા હેઠળ દોષિત ઠેરવી 1 લાખ રૂપિયાનો દંડ પણ કર્યો છે. 25મી જાન્યુઆરી, 2024ના રોજ લક્ષ્મણ પુનમભાઈ ટેમ્પીમાં આખલાને સત્તાધિકારીના પ્રમાણપત્ર વગર કતલ કરવાના ઈરાદે લઈ જઈ રહ્યો હતો. જેની તપાસ દરમિયાન માલુમ પડ્યું હતું કે પશુને અત્યંત ટૂંકા દોરડા વડે બાંધીને, ઘાસચારા કે પાણીની વ્યવસ્થા વગર દયનીય હાલતમાં હેરફેર કરવામાં આવી રહી હતી. આ કેસ નડિયાદના ત્રીજા એડિશનલ સેશન્સ જજ પી.પી. પુરોહિતની કોર્ટમાં ચાલવા ઉપર આવ્યો હતો. આ કેસની સુનાવણી દરમિયાન સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર ધર્મેન્દ્ર સી. પ્રજાપતિએ રજૂ કરેલા દસ્તાવેજી પુરાવાઓ અને જુબાનીઓને આધારે પશુ સંરક્ષણ ધારા હેઠળ ગુના સાબિત થયા હતા. કોર્ટે અવલોકન કર્યું હતું કે, પશુ પ્રત્યેની આવી ક્રૂરતા સાંખી શકાય નહીં. અંતે કોર્ટે આરોપીને જેલની સજાની સાથે ગુનામાં વપરાયેલું વાહન પણ સરકાર હસ્તક જપ્ત કરવાનો આદેશ કર્યો છે.

મહેમદાવાદના નેનપુર ફાટક પાસે પોલીસે ફિલ્મી ઢબે વોચ ગોઠવી ગૌમાંસ પકડી પાડ્યું

# મહેમદાવાદ પાસે ગૌમાંસ ભરેલી કાર પકડાઈ

**કારની ડેકીમાંથી 4** કોથળા ભરીને લઈ જવાતું માંસ પકડાયું

**કુલ રૂ. 3.22 લાખનો** મુદ્દામાલ જપ્ત કરી પોલીસે તપાસ તેજ કરી

(પ્રતિનિધિ) નડિયાદ તા.18

ખેડા લોકલ ક્રાઈમ બ્રાંચે મહેમદાવાદ તાલુકાના નેનપુર ફાટક પાસે એક સફળ ઓપરેશન પાર પાડીને કારમાં ગૌમાંસની હેરાફેરી કરી રહેલા અમદાવાદના એક શખ્સને ઝડપી પાડ્યો છે. બાતમીના આધારે પોલીસે સ્વીફ્ટ કારમાંથી સો કિલો ગૌમાંસનો જથ્થો જપ્ત કરી કુલ રૂ. 3,22,880નો મુદ્દામાલ કબજે લીધો છે અને આ મામલે મહેમદાવાદ પોલીસ મથકે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ખેડા લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમ મહેમદાવાદ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન ખાત્રજ ચોકડી પાસે ચોક્કસ બાતમી મળી હતી કે, એક સફેદ કલરની સ્વીફ્ટ કારમાં ગૌમાંસ ભરીને કઠલાલના ખોખરવાડા તરફથી નેનપુર અને મલાતજ થઈને અમદાવાદ તરફ જનાર છે. આ બાતમીના આધારે પોલીસે નેનપુર રેલવે ફાટક પાસે નાકાબંધી કરી વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમી મુજબની કાર ત્યાંથી પસાર થતા પોલીસે તેને આંતરીને ઉભી રખાવી હતી.

પોલીસે કાર ચાલકની પૂછપરછ કરતા તેણે પોતાનું નામ મોહમદવસીમ મોહમદયાકુબ શેખ (રહે. વિશાલા, અમદાવાદ) હોવાનું જણાવ્યું હતું. કારની તલાશી લેતા તેની ડેકીમાંથી પ્લાસ્ટિકના 4 કોથળા મળી આવ્યા હતા, જેમાં માંસ ભરેલું હતું. પોલીસે વેટરનરી ડોક્ટરને સ્થળ પર બોલાવી તપાસ કરાવતા આ જથ્થો ગૌમાંસ હોવાનું સાબિત થયું હતું.

આ કેસમાં પોલીસે આરોપી પાસેથી રૂ. 17 હજારની કિંમતનું ગૌમાંસ, રૂ. 3 લાખની કાર, મોબાઈલ ફોન અને રોકડ મળી કુલ રૂ. 3,22,880નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપી વિરુદ્ધ ગુજરાત પ્રાણી સંરક્ષણ સુધારા અધિનિયમ અને પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ગૌમાંસનો આ જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો ? અને અમદાવાદમાં કોને પહોંચાડવાનો હતો ? તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આ ઘટનાથી વધુ એક વખત ગૌવંશ કતલમાં ખેડા જિલ્લો બદનામ થયો છે.